પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૮૫ | ૨૭ ડિસેમ્બર, ૨૦૨૧, સોમવાર; માગશર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઓમિક્રોન : દેશના ૭ રાજ્યોમાં નાઈટ કર્ફ્યુ

**ઓમિક્રોનના વધતા ખતરા વચ્ચે દિલ્હીમાં નાઇટ કર્ફ્યુંની જાહેરાત : મધ્યપ્રદેશ, હરિયાણા, ગુજરાત, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને પુડુચેરીએ નાઇટ કર્ફ્યુની જાહેરાત કરી દીધી છે**

નવી દિલ્હી, તા.૨૬

ઓમિક્રોનના વધતા જતા કેસ દરેક રાજ્યની ચિંતામાં સતત વધારો કરી રહ્યા છે. જો કે, તેનો સામનો કરવા માટે તમામ રાજ્યો પોતાના સ્તર પર નિયંત્રણો પણ લાદી રહ્યા છે. બગડતી પરિસ્થિતિને જોતા દિલ્હીમાં પણ નાઈટ કર્ફ્યુની જાહેરાત કરવામાં આવી છે. આ રાત્રિ કર્ફ્યુ ૨૭ ડિસેમ્બરથી લાગુ થશે. આ રાત્રિ કર્ફ્યુ રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી લાગુ રહેશે. મધ્યપ્રદેશ, હરિયાણા, ગુજરાત, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને પુડુચેરીની સરકારોએ કોરોનાના સતત વધી રહેલા કેસ વચ્ચે નાઈટ કર્ફ્યુની જાહેરાત કરી દીધી છે.



રાત્રિ કર્ફ્યુ દરમિયાન ફક્ત એસેંશિયલ વર્કર્સને જ ઘરની બહાર જવાની મંજૂરી આપવામાં આવશે. આ સિવાય સ્વાસ્થ્ય સંબંધિત ઈમરજન્સી કેસમાં પણ લોકો મુસાફરી કરી શકે છે. તમને જણાવી દઈએ કે છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં ૨૯૦ કોરોના કેસ નોંધાયા છે અને ૧ દર્દીનું મોત થયું છે, જ્યારે સંક્રમનો દર ૦.૫૫% રહ્યો. આ સાથે દિલ્હીમાં સંક્રમિતોની સંખ્યા વધીને ૧૪,૪૩,૩૫૨ થઈ ગઈ છે અને મૃત્યુઆંક પણ વધીને ૨૫,૧૦૫ થઈ ગયો છે. રાષ્ટ્રીય રાજધાનીમાં ૧૧૦૩ કોરોના દર્દીઓ છે જેમની સારવાર ચાલી રહી છે, જેમાંથી ૫૮૩ હોમ ક્વોરેન્ટાઇનમાં છે.

**રાત્રિ કર્ફ્યુ ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી રહેશે**

થોડા દિવસો પહેલા દિલ્હીના સરોજિની નગરમાંથી એક વીડિયો સામે આવ્યો હતો જેમાં ઘણા લોકો એકબીજાને ધક્કો મારતા જોવા મળ્યા હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. દિલ્હીના બજારનો આ વીડિયો બધાને ચોંકાવી રહ્યો છે.

## બાળકોના વેક્સીનેશન પર એમ્સ એક્સપર્ટે ઉઠાવ્યા સવાલ

**શનિવારે બાળકોના વેક્સિનેશનની જાહેરાત કરાઈ હતી : એમ્સના સીનિયર વૈજ્ઞાનિક ડો. સંજય કે રાયે કેન્દ્રના આ નિર્ણયને અવૈજ્ઞાનિક જણાવ્યો, વધારે ફાયદો નહીં થાય**

નવી દિલ્હી, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે બાળકોના વેક્સીનેશનની જાહેરાત કરી હતી. ૩ જાન્યુઆરીથઈ ૧૫-૧૮ વર્ષની ઉમરના બાળકોનું વેક્સિનેશન શરૂ થઈ જશે. જોકે, એમ્સના સીનિયર વૈજ્ઞાનિક ડો. સંજય કે રાયએ સરકારના આ નિર્ણય સામે સવાલ ઉભા કર્યા છે. તેમણે કેન્દ્રના આ નિર્ણયને 'અવૈજ્ઞાનિક' જણાવ્યો. સાથે જ એમ પણ કહ્યું કે, તેનથી કોઈ વધારે ફાયદો નહીં થાય.

રાય ઈન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિએશનના પ્રેસિડન્ટ પણ છે. તેમણે કહ્યું કે, સરકારે આ પગલું ઉઠાવતા પહેલા એ દેશોના આંકડાનું વિશ્લેષણ કરવું જોઈતું હતું, જ્યાં પહેલેથી જ વેક્સિનેશન થઈ રહ્યું છે. રાયે વડાપ્રધાન કાર્યાલય (પીએમઓ)ને ટેગ કરીને એક ટ્વીટમાં કહ્યું કે, 'હું પીએમ મોદીનો ઘણો મોટો પ્રશંસક છું. રાષ્ટ્ર માટે તેમની નિસ્વાર્થ સેવા અને યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય લેવાથી પ્રભાવિત છું. પરંતુ, બાળકોના વેક્સિનેશન પર તેમના અવૈજ્ઞાનિક નિર્ણયથી સંપૂર્ણ રીતે નિરાશ છું.' તેમણે પોતાના દ્રષ્ટિકોણને સ્પષ્ટ કરતા કહ્યું કે, કોઈપણ હસ્તક્ષેપનો હેતું હોવો જોઈએ.

તેમનો ઉદ્દેશ્ય કોરોના સંક્રમણ કે ગંભીરતા કે મોતને રોકવાનો છે. તેમણે કહ્યું કે, 'પરંતુ રસી વિશે આપણી પાસે જે પણ નોલેજ છે, તે મુજબ, તે ઈન્ફેક્શનને મોટું નુકસાન પહોંચાડવામાં અસમર્થ છે. કેટલાક દેશોમાં લોગ બુસ્ટર શોટ લીધા પછી પણ સંક્રમિત થઈ રહ્યા છે. રાયે જણાવ્યું કે, બ્રિટનમાં દરરોજ ૫૦ હજાર ઈન્ફેક્શનની માહિતી મળી રહી છે. એટલે, એ સાબિત થાય છે કે, વેક્સિનેશન કોરોના સંક્રમણને નથી રોકી રહ્યું, પરંતુ



રસી ગંભીરતા અને મોતને રોકવામાં પ્રભાવી છે. તેમણે કહ્યું કે, અતિસંવેદનશીલ વસ્તીમાં કોવિડ-૧૯ના કારણે મૃત્યુ દર લગભગ ૧.૫ ટકા છે. તેનો અર્થ છે કે, પ્રતિ ૧૦ લાખ વસ્તી પર ૧૫,૦૦૦ મોત. રાય મુજબ, વેક્સિનેશનથી આપણે તેમાંથી ૮૦-૯૦ ટકા મોતને રોકી શકીએ છીએ, જેનો અર્થ છે કે, પ્રતિ ૧૦ લાખ (વસ્તી)માં ૧૩,૦૦૦થી ૧૪,૦૦૦ મોતને રોકી શકાય છે. તેમણે કહ્યું કે, વેક્સિનેશન પછી ગંભીર સાઈડ ઈફેક્ટ પણ જોવા મળી છે. આ આંકડો પ્રતિ દસ લાખ વસ્તીમાં ૧૦થી ૧૫ની વચ્ચે છે. તેમણે કહ્યું કે, બાળકોના મામલે સંક્રમણની ગંભીરતા ઘણી ઓછી છે.

## નવા વેરિયન્ટથી સચેત રહો : મોદી

**વડાપ્રધાને નવા વર્ષની શુભેચ્છાઓ સાથે કોવિડ પર ચેતવણી પણ આપી**

નવી દિલ્હી, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રેડિયો કાર્યક્રમ 'મન કી બાતજ્ઞના માધ્યમથી દેશને સંબોધિત કર્યા હતા. દર મહિનાના છેલ્લા રવિવારે પીએમ મોદી 'મન કી બાતજ્ઞ કરે છે. આજે મન કી બાતની ૮૪મી આવૃત્તિ હશે. આ 'મન કી બાતજ્ઞ આ વર્ષનો અંતિમ કાર્યક્રમ હતો.

વડાપ્રધાન મોદીએ મન કી બાતનો ૮૪મો એપિસોડ શરૂ કર્યો. તેમણે કહ્યું, આ સમયે તમે ૨૦૨૧ને વિદાય આપવા અને ૨૦૨૨ને આવકારવાની તૈયારી કરી રહ્યા હશો. નવા વર્ષ નિમિત્તે દરેક વ્યક્તિ, દરેક સંસ્થા આવનારા વર્ષમાં કંઈક સારું કરવા, વધુ સારા બનવાનો સંકલ્પ લે છે. છેલ્લા સાત વર્ષથી આપણી મન કી બાત પણ વ્યક્તિ, સમાજ, દેશની સારી બાબતોને

આજે વિશ્વમાં રસીકરણના જે આંકડા છે, તેની સરખામણી ભારત સાથે કરીએ, તો લાગે છે કે દેશે કેટલું અભૂતપૂર્વ કામ કર્યું છે. વેક્સીનના ૧૪૦ કરોડ ડોઝનો માઈલસ્ટોન પાર કરવો, એ દરેક ભારતીયની સિદ્ધિ છે.

● અનુસંધાન પાન-૭ પર



## મહારાષ્ટ્રમાં ઓક્સિજનની દૈનિક માંગ વધશે તો લોકડાઉન

**મહારાષ્ટ્ર સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી : કેસમાં વધારો થતા લોકોને કોરોનાની ગાઈડલાઈન્સનું પાલન કરવા અને માસ્ક પહેરવા માટે સૂચન કરાયું**

મુંબઈ, તા.૨૬

કોરોના વાયરસના કેસમાં ઘટાડો નોંધાયા ફરી એકવાર કેસમાં સામાન્ય વધારો થતો દેખાઈ રહ્યો છે. આવામાં ઓમિક્રોનના લીધે પણ ખતરો ઉભો થવાની શક્યતાઓ વર્તાઈ રહી છે. એક્સપર્ટ્સ અને ડૉક્ટરો દ્વારા કેટલાક રિપોર્ટ્સમાં ઓમિક્રોન ડેલ્ટા જેટલો જીવલેણ સાબિત ન થતો હોવાનું કહેવાઈ રહ્યું છે, આમ છતાં તેની ઝડપથી સંક્રમિત કરવાની ગતિને જોતા સાવચેતી રાખવાના સૂચનો કરવામાં આવી રહ્યા છે. આ સાથે ગઈકાલે ૧૮ વર્ષથી નીચેના નિશ્ચિત લોકોને રસી આપવા અંગેની જાહેરાત પણ વડાપ્રધાન દ્વારા કરવામાં આવી છે. કોરોનાની સ્થિતિને જોતા લોકડાઉનની જે ચર્ચાઓ થઈ રહી છે તેને લઈને મહારાષ્ટ્ર સરકાર દ્વારા મહત્વનું નિવેદન કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેએ જણાવ્યું છે કે રાજ્યમાં લોકડાઉન લાગુ કરવા અંગે પહેલાથી જ કેટલાક નિયમ નક્કી કરવામાં આવ્યા છે, જેમાં ઓક્સિજનની દૈનિક માંગ ૭૦૦ મેટ્રિક ટન સુધી પહોંચશે તો આ અંગે નિર્ણય લેવાઈ શકે છે, પરંતુ આ આંકડો ૫૦૦ મેટ્રિક ટન પર પહોંચશે ત્યારે પણ વિચાર કરવામાં આવી શકે છે. આ જાહેરાતના એક દિવસ અગાઉ શુક્રવારે રાજ્યમાં કેસની સ્થિતિને જોતા સરકાર દ્વારા જરુરી નિયંત્રણ લાગુ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં સરકારે સાર્વજનિક સ્થળો પર રાત્રે નવથી સવારના ૬ વાગ્યા સુધી પાંચથી વધારે વ્યક્તિઓના એકઠા થવા પર પ્રતિબંધ લગાવી દીધો હતો અને કોરોના વાયરસ સંક્રમણના કેસ ઝડપથી વધતા સાર્વજનિક કાર્યક્રમોમાં લોકોની સંખ્યા પર પ્રતિબંધ લગાવી દેવાયા હતા. પત્રકારો સાથે કરેલી વાતચીતમાં સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેએ જણાવ્યું હતું કે ઓમિક્રોનના કેસ ઝડપથી વધી રહ્યા છે પરંતુ સામાન્ય રીતે દર્દીઓને ેંમાં દાખલ કરવાની જરુર પડી નથી, આ સિવાય તેમને ઓક્સિજન સપોર્ટ પર પણ રાખવાની જરુર જણાઈ નથી.

## ગંગામાં કચરો ફેલાવનારા સામે કડક કાર્યવાહી કરાશે

**એક લાખ સુધીનો દંડ ફટકારવામાં આવશે**

વારાણસી, તા.૨૬

સરકાર ગંગા નદીના સંરક્ષણ માટે સભાન છે અને ગંગાને સ્વચ્છ રાખવા માટે તમામ યોજનાઓનું સતત સંચાલન કરી રહી છે. તાજેતરમાં, કાશી વિશ્વનાથ કોરિડોરના ઉદ્ઘાટન દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગંગામાં ડૂબકી લગાવીને ગંગાને સ્વચ્છ રાખવાનો સંદેશ આપ્યો હતો. આ ક્રમમાં, વારાણસીમાં મહાનગરપાલિકા ગંગાને સ્વચ્છ રાખવા માટે એક નવો કાયદો લાગુ કરવા જઈ રહી છે, જે અંતર્ગત ગંગાને પ્રદૂષિત કરનારાઓ સામે વહીવટીતંત્ર દોડશે. સરકાર અને પ્રશાસનના પ્રયાસો છતાં લોકો કચરો અને ગંદકી ગંગામાં ઠાલવી રહ્યા છે, જેના કારણે વારાણસી મ્યુનિસિપલ કોર્પોરેશન નવો કાયદો લાગુ કરવા જઈ રહી છે. આ અંતર્ગત ગંગામાં કચરો ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે જ બેદરકારી દાખવનાર વ્યક્તિ પર ૧ થી ૧ લાખ રૂપિયા સુધીનો દંડ વસૂલવામાં આવશે.

## માંગણીઓ નહીં સ્વીકારાય તો ફરી આંદોલન શરૂ થશે : રાકેશ ટિકૈત

**ફક્ત ૪ મહિનાની રજા પર ગયા છે ખેડૂતો : ફક્ત ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવામાં આવ્યા છે. અમારી બીજી માંગ હજુ નથી સ્વીકારવામાં આવી : રાકેશ ટિકૈત**

નવી દિલ્હી, તા.૨૬

વિવાદાસ્પદ ત્રણ કૃષિ કાયદા પરત ખેંચાયા બાદ ખેડૂતો હવે પોતપોતાના ઘરે પાછા ફર્યા છે પણ આ દરમ્યાન ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે આંદોલન અંગે મોટી વાત કહી દીધી છે. તેમણે કહ્યું કે જો સરકાર ખેડૂતોની માંગણી સંપૂર્ણપણે નહીં સ્વીકારે તો ફરીથી આ આંદોલન શરુ થશે. એટલું જ નહીં તેમણે એઆઈએમઆઈએમ સાંસદ અસદુદ્દીન ઓવૈસી પર પણ નિશાનો સાધ્યો. રાકેશ ટિકૈત જયપુરમાં ૫મા સૂરજમલ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર સમારોહમાં ભાગ લેવા પહોંચ્યા હતા.

ખેડૂત નેતાએ કહ્યું કે કિસાન આંદોલન હજુ સમાપ્ત નથી થયું. તેમણે કહ્યું કે ખેડૂતો ક્યાંય નથી ગયા અને ના સરકાર ગઈ છે. ટિકૈતે કહ્યું કે હવે ખેડૂત આંદોલન માટે ૧૩ મહિનાની ટ્રેનિંગ થશે. આ સાથે જ આંદોલન બાદ ખેડૂતોના મુદ્દે એક્ટિવ રહેવાને લીધે આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાગ લેવાની અટકળો પર તેમણે કહ્યું કે સંયુક્ત કિસાન મોરચો કોઈ ચૂંટણી નથી લડી રહ્યું.

રાકેશ ટિકૈતે કહ્યું કે ૧૫ જાન્યુઆરીએ અમારી બેઠક છે અને અમે એ સ્પષ્ટતા કરવા માગીએ છીએ કે આંદોલન

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોના નવા ૬૯૮૭ કેસ

નવી દિલ્હી, તા.૨૬

ભારતમાં ઓમિક્રોનના ફફડાટ વચ્ચે કોરોનાના કેસ ઘટી રહ્યા છે. દેશમાં સળંગ ૨૯માં દિવસે કોરનાના નવા કેસ ૧૦ હજારથી નીચે રહ્યા છે. દેશમાં હજુ પણ કેરળમાં સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૬૯૮૭ નવા કેસ નોંધાયા છે અને ૧૬૨ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. ૭૦૯૧ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૭૬,૭૬૬ પર પહોંચી છે. રિકવરી રેટ ૯૯ ટકા જેટલો છે, જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી વધારે છે. દેશમાં નોંધાયેલા કુલ કેસ પૈકી કેરળમાં ૩૩૭૭ કેસ નોંધાયા છે અને ૧૧૫ સંક્રમિતોના મોત થયા છે. ઓમિક્રોનના કુલ કેસ ૪૨૨ થયા છે.

૨૫ ડિસેમ્બરે ૭૧૮૯ નવા કેસ અને ૩૮૭ સંક્રમિતોના નિધન થયા હતા. ૨૪ ડિસેમ્બરે ૬૬૫૦ કેસ અને ૩૭૪ સંક્રમિતોના મોત થયા હતા. ૨૩ ડિસેમ્બરે ૬૩૧૭ નવા કેસ અને ૪૩૪ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ૨૨ ડિસેમ્બરે ૬૩૧૭ નવા કેસ ૩૧૮ સંક્રમિતોના મોત થયા હતા. ૨૧ ડિસેમ્બરે ૫૩૨૬ નવા કેસ અને ૪૫૩ સંક્રમિતોના મોત થયા હતા.

## બિહારમાં ફેક્ટરીના બોઈલરમાં બ્લાસ્ટ : ૬ કામદારોના મોત

**બિહારના મુઝફ્ફરપુરના ઓૈદ્યોગિક વિસ્તારની ઘટના : દુર્ઘટનામાં ૧૦ મજૂરો ખરાબ રીતે દાઝ્યા હોવાથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે**

મુઝફ્ફરપુર, તા.૨૬

બિહારના મુઝફ્ફરપુરનો ઔદ્યોગિક વિસ્તાર રવિવારે જોરદાર વિસ્ફોટથી હચમચી ગયો હતો. વિસ્ફોટ એટલો ભયંકર હતો કે ૬ મજૂરોના ઘટનાસ્થળે જ દર્દનાક રીતે મોત થયા હતા, જ્યારે ઘણા લોકો ઘાયલ પણ થયા છે. બ્લાસ્ટ નૂડલ્સ અને નાસ્તો બનાવતી ફેક્ટરીમાં થયો હતો. વિસ્ફોટનું કારણ બોઈલરમાં બ્લાસ્ટ થયો હોવાનું સામે આવ્યું છે.



રવિવારે વહેલી સવારે મુઝફ્ફરપુરનો બેલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા ફેઝ઼ેં જોરદાર ધડાકા સાથે ધ્રૂજી ગયો. નૂડલ્સ અને નાસ્તો બનાવતી ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે, કામ દરમિયાન જ અચાનક ફેક્ટરીનું બોઈલર જોરદાર અવાજ સાથે ફાટ્યું. આ દરમિયાન ત્યાં કામ કરી રહેલા ઘણા લોકો આના કારણે દાઝી ગયા હતા.

વિસ્ફોટના સમાચાર મળતાની સાથે જ ફાયર બ્રિગેડ અને એસડીઆરએફની ટીમ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું. આ દરમિયાન એસકેએમસીએચના ડોકટરોની ટીમ પણ એમ્બ્યુલન્સ સાથે ત્યાં પહોંચી હતી. વિસ્ફોટ એટલો ભયંકર હતો કે ૬ મજૂરોના ઘટનાસ્થળે જ દર્દનાક રીતે મોત થયા હતા. ફેક્ટરીની અંદર એવી ભયાનક સ્થિતિ હતી કે કોઈ કામદારનો હાથ તો કોઈનો પગ જ મળ્યો. દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૬ મજૂરોના મોત થયા છે. જ્યારે ૧૦ મજૂરો ખરાબ રીતે દાઝ્યા હોવાથી તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બ્લાસ્ટને કારણે બાજુમાં આવેલ ચૂડા અને લોટની ફેક્ટરીને પણ નુકસાન થયું છે.

